1. સમાજમાં કઈ સમાનતા અને વિભિન્નતા જોવા મળે છે?

➢ દરેક સમાજના સભ્યોમાં માનવી તરીકેની મૂળભૂત સમાનતા છે. તેની સાથે સમાજમાં પુરુષ અને મહિલાની જાતીય ભિન્નતા પણ છે. આ ઉપરાંત સમાજના સભ્યોનાં હિત, વલણ, ધ્યેય, મૂલ્ય, રસ, લિંગ, વય, શારીરિક અને બૌદ્ધિક શક્તિઓ વગેરેમાં સમાનતા અને વિભિન્નતા એમ બંને જોવા મળે છે.

2. સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો કયા કયા છે?

➢ સમાજ, સમુદાય, સમૂહ, મંડળ, મૂલ્યો, ધોરણો, સંસ્કૃતિ, દરજ્જાઓ અને ભૂમિકાઓ, સામાજિક ક્રિયા, સામાજિક વર્ગ, સામાજિક નિયંત્રણ, સામાજિક પરિવર્તન, કાર્ય વગેરે સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો છે.

3. ખ્યાલો કે વિભાવનાઓનો અભ્યાસ કરવો શા માટે જરૂરી છે?

➢ અભ્યાસવિષયમાં જ્યાં પાસાઓનો અભ્યાસ કરવાનો છે તેનું માર્ગદર્શન ખ્યાલો કે વિભાવનાઓના અભ્યાસથી મળે છે. આથી ખ્યાલો કે વિભાવનાઓનો અભ્યાસ કરવો જરૂરી છે.

4. કઈ બાબતો માનવસમાજને માનવેતર સમાજથી અલગ પાડે છે?

➢ ભાષા, સહિયારાં મૂલ્યોનું રક્ષણ અને પોષણની વ્યવસ્થા, પ્રત્યાયન અને સામાજિક સંબંધોની ગૂંથણી એમ વિવિધ રીતે વિકસેલા સંસ્કૃતિ માનવસમાજને માનવેતર સમાજથી અલગ પાડે છે.

5. સમાજશાસ્ત્રીઓએ સમાજનાં કયાં લક્ષણો દર્શાવ્યાં છે?

➢ સમાજશાસ્ત્રીઓએ સમાજનાં આ લક્ષણો દેશી છે : (1) સામાજિક સંબંધો, (2) સમાનતા અને વિભિન્નતા, (3) જુદાં જૂથો અને પેટાજૂથો, (4) સામાજિક નિયંત્રણ, (5) સાતત્ય તથા (6) પરિવર્તન.

6. પરિવર્તન સમાજનું અવિભાજ્ય લક્ષણ કઈ રીતે છે?

➢ સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા સતત જોવા મળે છે. પ્રારંભથી જ સમાજમાં પરિવર્તનો આવતાં રહ્યાં છે. માનવી - માનવી વચ્ચે સામાજિક સંબંધોના સ્વરૂપ બદલાતાં રહે છે.સમાજનાં વિભિન્ન જૂથો, જૂથનાં સામાજિક ધોરણો, પરસ્પરના સંબંધો વગેરેમાં ફેરફારો થતાં રહે છે. દરેક સમાજમાં પરિવર્તનની ગતિમાં તફાવત જોવા મળે છે. આમ, પરિવર્તન સમાજનું અવિભાજ્ય લક્ષણ છે.

7. 'સમુદાયનાં' મુખ્ય લક્ષણો જણાવો.

➢ 'સમુદાય'નાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે : (1) વસ્તી, (2) ભૌગોલિક પ્રદેશ, (3) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન, (4) સામૂહિક જીવનમાં વિકસેલાં સમાન ધોરણો અને મૂલ્યો આધારિત પ્રવૃત્તિનું સંકલન તથા (5) સામુદાયિક ભાવના.

8. સમાજશાસ્ત્રીય રીતે સામાજિક સમૂહનાં લક્ષણો જણાવો.

- સમાજશાસ્ત્રીય રીતે સામાજિક સમૂહનાં આ ચાર મુખ્ય લક્ષણો છે : (1) બે કે તેથી વધુ વ્યક્તિઓ, (2) સમાન હોવાની. સભાનતા, (3) સામૂહિક પ્રકારનો ઉદ્દેશ કે હેતુ અને (4) સામાજિક આંતરક્રિયા.

9. નીચેની વિભાવનાઓ સમજાવો : સમાજ

- 'સમાજને નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર અને આત્મનિર્ભરતા ધરાવતા માનવજુથ તરીકે વર્ણવવામાં આવ્યો છે. માનવી આંતરક્રિયા દ્વારા સાતત્ય ધરાવતી અને પરિવર્તન પામતી જે સામાજિક વ્યવસ્થા વિકસાવે તેને 'સમાજ' કહેવાય.

10.નીચેની વિભાવનાઓ સમજાવો : સમૂહ

- સમાન પ્રકારના હોવાની સભાનતા અને સામૂહિક ધ્યેય કે ઉદ્દેશની પૂર્તિ માટે એકબીજા સાથે આંતરક્રિયામાં આવનાર વ્યક્તિઓને 'સમૂહ' કહે છે.

11.નીચેની વિભાવનાઓ સમજાવો : સામાજિક ધોરણો

- સામાજિક ધોરણો એટલે સમાજ જીવનની જુદી જુદી પરિસ્થિતિઓમાં વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા વર્તનની યોગ્યતા કે અયોગ્યતા નક્કી કરતા સામાજિક નિયમો.

12.નીચેની વિભાવનાઓ સમજાવો : સામાજિક વર્ગ

- માનવીમાં કોઈક બાબતમાં અન્ય વ્યક્તિ સાથે સમાનતા હોય છે. આ સમાનતાને આધારે જે સમૂહમાં તેનું વર્ગીકરણ કરવામાં આવે છે તેને 'સામાજિક વર્ગ' કહે છે. દા. ત., ઉચ્ચ વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ. આર્થિક વર્ગના આધારે વ્યક્તિનો સમાન સામાજિક દરજ્જો હોય છે.

13.સામાજિક નિયંત્રણની પદ્ધતિઓ જણાવો.

- સામાજિક નિયંત્રણની બે પદ્ધતિઓ છે : (1) ઔપચારિક નિયંત્રણ પદ્ધતિ અને (2) અનૌપચારિક નિયંત્રણ પદ્ધતિ.

14.સ્વાભાવિક ક્રમમાં ચાલતા વર્તનવ્યવહારમાંથી કયાં ધોરણો ઉદભવે છે?

- સ્વાભાવિક ક્રમમાં ચાલતા વર્તનવ્યવહારમાંથી લોકરીતિ, રિવાજ, રૂઢિ, પરંપરા વગેરે જેવાં ધોરણો ઉદ્ભવે છે.

15.'ખ્યાલો' કે 'વિભાવના' એટલે શું?

- 'ખ્યાલ' કે 'વિભાવના' એટલે દરેક વિજ્ઞાને પસંદ કરેલા વિશિષ્ટ અર્થ સૂચવતા શબ્દો જેના દ્વારા વિજ્ઞાન પોતાની અભ્યાસ સામગ્રીનું અર્થઘટન અને રજૂઆત કરે છે.

16.કોઈ પણ વિજ્ઞાનના ખ્યાલો કેવા હોય છે?

➢ કોઈ પણ વિજ્ઞાનના ખ્યાલો ચોક્કસ, અર્થપૂર્ણ અને જ્ઞાનેન્દ્રિયો દ્વારા ચકાસી શકાય તેવા અને ઘટનાને સમજાવી શકે તેવા હોય છે.

17.જ્ઞાનેન્દ્રિયો કેટલી છે? કઈ કઈ?

➢ જ્ઞાનેન્દ્રિયો પાંચ છે : (1) આંખ, (2) કાન, (3) નાક, (4) જીભ અને (5) ચામડી.

18.‘માનવસમાજ’ એટલે શું?

➢ ભાષા, સહિયારાં મૂલ્યો, રક્ષણ અને પોષણની વ્યવસ્થા, પ્રત્યાયન, સામાજિક સંબંધોની ગૂંથણી એમ વિવિધ રીતે વિકસેલી સંસ્કૃતિ ધરાવતો સમાજ ‘માનવસમાજ’ કહેવાય છે.

19.માનવેતર સમાજ કોને કહેવાય ?

➢ જે સમાજમાં વસ્તીની જાળવણી, કાર્યવિભાજન, સામાજિક સંગઠન, સામાજિક વ્યવસ્થાની જાળવણી વગેરે સામાજિક જરૂરિયાતો સંતોષવાની રીતો આનુવંશિકતા પર રચાયેલી હોય તે સમાજને ’માનવેતર સમાજ’ કહેવાય.

20.માનવસમાજ અને માનવેતર સમાજ કઈ બાબતોમાં સમાનતા ધરાવે છે?

➢ માનવસમાજ અને માનવેતર સમાજ સહજીવનની સમાનતા ધરાવે છે. બંને સમાજ સભ્યોની વસ્તીની જાળવણી, ભરણપોષણ, સંરક્ષણ, નવા સભ્યોની ભરતી, કાર્યવિભાજન, સમૂહ એકતા વગેરે જરૂરિયાતો સંતોષવાની પ્રવૃત્તિઓની સમાનતા ધરાવે છે.

21.કયા માનવેતર જીવોમાં સામૂહિક જીવન જોવા મળે છે?

➢ ઊધઈ, મધમાખી, કીડી, ઉરાંગઉટાંગ, ગોરીલા, ચિમ્પાન્ઝી વગેરે માનવેતર જીવોમાં સામૂહિક જીવન જોવા મળે છે.

22 સમાજશાસ્ત્રીય શબ્દકોશમાં સમાજને કઈ રીતે વર્ણવવામાં આવ્યો છે?

➢ સમાજશાસ્ત્રીય શબ્દકોશમાં સમાજને નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર અને આત્મનિર્ભરતા ધરાવતા માનવજૂથ તરીકે વર્ણવવામાં આવેલ છે.

23.મકાઈવર અને પેજ સમાજને કઈ રીતે પરિભાષિત કરે છે?

➢ મકાઈવર અને પેજ સમાજને પ્રસ્થાપિત સામાજિક સંબંધોની હંમેશાં પરિવર્તન પામતી વ્યવસ્થા તરીકે પરિભાષિત કરે છે.

24.સમાજ પોતાનું સાતત્ય કઈ રીતે જાળવી રાખે છે?

- પ્રજનન અને તેના પરિણામે જન્મતાં બાળકોના સમાજીકરણ દ્વારા સમાજ પોતાનું સાતત્ય જાળવી રાખે છે.

25.'સમુદાય' એટલે?

- 'સમુદાય' એ એવો પ્રાદેશિક સમૂહ છે કે જેમાં લોકો વચ્ચે કાર્યવિભાજન અને પરસ્પરાવલંબનને કારણે એક સમૂહના હોવાની સભાનતા હોય છે.

26.મકાઈવર અને પેજ સમુદાયની કઈ વ્યાખ્યા આપે છે?

- મકાઈવર અને પેજના મતે, નાના કે મોટા સમૂહના સભ્યો જ્યારે એક જ સ્થળે રહેતા હોય અને જીવનના મોટા ભાગનાં હિતો સંતોષવાનો પ્રયત્ન કરે ત્યારે તેવા સ્થાનિક સમૂહને 'સમુદાય' કહેવાય.

27. સમુદાયનું સંગઠન શાથી નબળું પડતું જાય છે?

- ભૌગોલિક ગતિશીલતા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયાને કારણે તથા આધુનિક ટેકનોલૉજીના વિકાસને કારણે સમુદાયની વ્યક્તિઓનો સંબંધ અને ગતિશીલતા વિશ્વસ્તરે થઈ શકતી હોવાથી સમુદાયનું સંગઠન નબળું પડતું જાય છે.

28. કિંગ્સલે ડેવિસે સમુદાયના કયા બે માપદંડો દર્શાવ્યા છે?

- કિંગ્સલે ડેવિસે સમુદાયના આ બે માપદંડો દર્શાવ્યા છે : (1) પ્રાદેશિક નિકટતા અને (2) સામાજિક સંપૂર્ણતા.

29.આધુનિક સમુદાયમાં કેવા તફાવતો જોવા મળે છે?

- આધુનિક સમુદાયમાં આર્થિક, ભાષાકીય, જ્ઞાતિઆધારિત કે સંપ્રદાયઆધારિત તફાવતો જોવા મળે છે.

30. 'સામાજિક સમૂહ' એટલે શું?

- બે કે તેથી વધુ વ્યક્તિઓ સમાન પ્રકારના હોવાની સભાનતા સાથે, કોઈ સામૂહિક હેતુ કે ઉદેશથી સામાજિક આંતરક્રિયા કરે ત્યારે તેને 'સામાજિક સમૂહ' કહેવાય.

31.ભારતીય સમાજમાં કયા કયા સામાજિક સમૂહો જોવા મળે છે?

- ભારતીય સમાજમાં કેટલાક સમુદાય, મંડળ, વર્ગ, શાનિ જુદા જુદા આર્થિક સ્તરના સામાજિક સમૂહો જોવા મળે છે.

32. સામાજિક સમૂહ પોતાના સભ્યો પાસે કઈ અપેક્ષા રાખે છે?

- સામાજિક સમૂહ પોતાના સભ્યો પાસે દરજ્જાને અનુકુળ ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખે છે.

33.સમાજમાં કયા પ્રકારના સામાજિક સમૂહો જોવા મળે છે?

- સમાજમાં કુટુંબ, પડોશસમૂહ, મિત્રસમૂહ, સગપણસમૂહ,વર્ગ, જ્ઞાતિ મંડળ, ધાર્મિક સમૂહ, રાજકીય સમૂહ વગેરે પ્રકારના સામાજિક સમૂહો જોવા મળે છે.

34.મંડળ કોને કહેવામાં આવે છે ?

- જે સામાજિક સમૂહમાં એક સામૂહિક હિતની બાબતમાં સભાનતાપૂર્વક તે હિતની સિદ્ધિ માટે કોઈ ચોક્કસ રીતે આંતરક્રિયા માટેનાં ધોરણો અપનાવે તેને ‘મંડળ’ કહેવામાં આવે છે.

34.મંડળનાં કોઈ પણ બે ઉદાહરણ આપો.

- કામદારમંડળ, યુવકમંડળ, મહિલામંડળ, વેપારી મંડળ, શિક્ષકમંડળ વગેરે મંડળનાં ઉદાહરણો છે

35.‘વર્ગ’ (સામાજિક વર્ગ) એટલે શું?

- સમાન સામાજિક દરજ્જો ધરાવતા લોકોના સમૂહને ‘વર્ગ’ (સામાજિક વર્ગ) કહે છે. સામાજિક વર્ગ સમાજના સભ્યોનો એવો સમૂહ છે જેના સભ્યો સામાજિક, વ્યાવસાયિક, આર્થિક અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન સ્થાન ધરાવે છે.

36. કયા સમાજશાસ્ત્રીઓએ વર્ગ અંગેના અભ્યાસો કર્યા છે?

- કાર્લ માર્ક્સ અને મેક્સવેબર જેવા સમાજશાસ્ત્રીઓએ વર્ગ અંગેના અભ્યાસો કર્યા છે.

37. મેક્સવેબરના મત પ્રમાણે સામાજિક વર્ગ કોને કહેવાય?

- મેક્સવેબરના મત પ્રમાણે પ્રત્યેક આર્થિક વર્ગ એક દરજ્જા સમૂહ છે. સમાન દરજ્જાઓ ધરાવતી વ્યક્તિઓ ભેગાં મળીને એક સામાજિક વર્ગ બનાવે છે.

38. વિશ્વમાં જ્ઞાતિવ્યવસ્થા મુખ્યત્વે ક્યાં જોવા મળે છે?

- વિશ્વમાં જ્ઞાતિવ્યવસ્થા મુખ્યત્વે ભારતના હિન્દુ ધર્મીઓમાં અને હિન્દુ ધર્મ જ્યાં પ્રચલિત છે તેવા દેશોમાં જ્ઞાતિવ્યવસ્થા જોવા મળે છે.

39.‘સામાજિક દરજ્જો ’ એટલે શું?

- સામાજિક દરજ્જો એટલે એક ચોક્કસ સમયે કોઈ એક નિશ્ચિત વ્યવસ્થામાં વ્યક્તિનું સામાજિક સ્થાન.

40.સામાજિક દરજ્જાના કેટલા પ્રકાર છે? કયા કયા?

- સામાજિક દરજ્જાના બે પ્રકાર છે : (1) અર્પિત દરજ્જો અને (2) પ્રાપ્ત દરજ્જો.

41. 'અર્પિત દરજ્જો ' એટલે શું?

➢ 'વ્યક્તિને જન્મના આધારે કે વંશપરંપરાગત રીતે સેમી તરફથી મળતા દરજ્જાને 'અપિત દરજ્જો' કહે છે.

42. "પ્રાપ્ત દરજ્જો" એટલે શું?

➢ વ્યક્તિની પસંદગી, ઇચ્છા, આવડત, શિક્ષણ અને તાલીમ દ્વારા સમાજમાં જે સ્થાન મળે તેને પ્રાપ્ત દરજ્જો ' કહે છે.

43.અર્પિત દરજ્જાનાં બે ઉદાહરણ આપો.

➢ પુરુષ, મહિલા, પિતા, માતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, પતિ, પત્ની વગેરે અર્પિત દરજ્જાનાં ઉદાહરણો છે.

44.ભૂતકાળના ગ્રામીણ સમાજમાં કયો દરજ્જો વંશપરંપરાગત રીતે મળતો હતો?

➢ ભૂતકાળના ગ્રામીણ સમાજમાં મુખીનો દરજ્જો વંશપરંપરાગત રીતે મળતો હતો.

45.પ્રાપ્ત દરજ્જાનાં બે ઉદાહરણ આપો.

➢ શિક્ષક, અધ્યાપક, ડૉક્ટર, મૅનેજર, વકીલ, લેખક વગેરે પ્રાપ્ત દરજ્જાનાં ઉદાહરણો છે.

46. પ્રાપ્ત દરજ્જામાં કઈ પ્રક્રિયા દ્વારા વ્યક્તિ વધુ ગતિશીલ બને છે ?

➢ પ્રાપ્ત દરજામાં સ્પર્ધાની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ વધુ ગતિશીલ બને છે.

47. 'મૂલ્યો' કોને ગણવામાં આવે છે?

➢ સમાજમાં ધોરણોનું મહત્ત્વ વધારે કે ઓછું હોય છે. સમાજમાં જે ધોરણોનું મહત્ત્વ વધારે હોય એને 'મૂલ્ય' તરીકે ગણવામાં આવે છે.

48. સમાજમાં ક્યાં મૂલ્યો છે?

➢ ન્યાય, પ્રમાણિકતા, માનવતા, સમાનતા વગેરે સમાજનાં મૂલ્યો છે.

49. સમાજમાં કયાં ધોરણો છે? .

➢ રંગ, જાતિ કે લિંગના આધારે માનવી-માનવી વચ્ચે અધિકારોનો ભેદભાવ રાખવાના વર્તનનો વિરોધ કરવાના કાયદાઓ એ ધોરણો છે.

50. સમાજમાં વ્યક્તિનું સામાજિક નિયંત્રણ કોણ કરે છે?

➢ સમાજ દ્વારા સર્જાયેલ તમામ પ્રકારનાં ધોરણો સમાજમાં વ્યક્તિનું સામાજિક નિયંત્રણ કરે છે.

51. સમાજમાં અવ્યવસ્થા અને અંધાધુંધી ક્યારે સર્જાય છે?

- સમાજમાં ધોરણોનો ભંગ કરનાર વ્યક્તિનું પ્રમાણ વધે, તો સમાજમાં અવ્યવસ્થા અને અંધાધૂંધી સર્જાય છે.

52. સમાજમાં લોકરીતિઓ અને રિવાજોનો ઉદ્દભવ કઈ રીતે થાય છે?

- સમાજમાં લોકરીતિઓ અને રિવાજોનો ઉદ્ભવ કોઈ ખાસ પ્રકારના સભાનું આયોજન વગર સ્વાભાવિક ક્રમમાં ચાલ્યા આવતાં વર્તન અને વ્યવહારમાંથી થાય છે.

53. વિશાળ વહીવટી એકમમાં ધોરણોનો ઉદ્ભવ કઈ રીતે થાય છે?

- વિશાળ વહીવટી એકમમાં ધોરણોનો ઉદ્ભવ વૈચારિક આયોજન દ્વારા થાય છે.

54. દેશમાં કાયદાઓનું ઘડતર કઈ રીતે થાય છે?

- દેશમાં જુદા જુદા કાયદાઓનું ઘડતર દેશના બંધારણને ધ્યાનમાં રાખી જે તે રાજ્યની વિધાનસભા કે સંસદ (લોકસભા અને રાજ્યસભા) જેવી સરકારી ધારાકીય સંસ્થાઓ દ્વારા વિચારપૂર્વક અને આયોજનપૂર્વક કરવામાં આવે છે.

55. વ્યક્તિ કઈ રીતે સામાજિક ધોરણો શીખે છે?

- વ્યક્તિ જે કુટુંબમાં જન્મે છે અને ઉછરે છે તેમાંથી અને તેની આજુબાજુના અન્ય વ્યક્તિઓ, મિત્રો, સામાજિક વાતાવરણ વગેરે દ્વારા થતા સમાજીકરણમાંથી સામાજિક ધોરણો શીખે છે.

56. સામાજિક ધોરણો કઈ રીતે આત્મસાત્ થાય છે?

- કુટુંબ, મિત્રજુથ, પડોશજૂથ, શાળા, સંચારનાં માધ્યમો વગેરે દ્વારા વ્યક્તિ સામાજિક ધોરણોની માહિતી મેળવે છે અને તેનું પાલન કઈ રીતે કરવું તે શીખે છે. નિયમોના પાલન દ્વારા સામાજિક ધોરણો આત્મસાત્ થાય છે.

57. જ્યાં ધોરણોના ભંગ માટે અનૌપચારિક સજાપદ્ધતિ હોય છે?

- રિવાજ, રૂઢિ, લોકાચાર, લોકનીતિ વગેરે સામાજિક ધોરણોના ભંગ માટે અનૌપચારિક સજાપદ્ધતિ હોય છે.

58. જ્યાં ધોરણોના ભંગ માટે ઔપચારિક સજાપદ્ધતિ હોય છે?'

- કાયદા જેવાં ધોરણોના ભંગ માટે ઔપચારિક સજાપદ્ધતિ હોય

59. 'સામાજિક નિયંત્રણ' કોને કહેવાય ?

- સમાજમાં સામાજિક ધોરણોથી વિરુદ્ધના વર્તનને અટકાવવાની રીતો અથવા સાધનોને 'સામાજિક નિયંત્રણ' કહેવાય.

60. સામાજિક ધોરણો અનુસાર વ્યક્તિના વર્તનને ઘડતી પ્રક્રિયાને શું કહે છે?

- સામાજિક ધોરણો અનુસાર વ્યક્તિના વર્તનને ઘડતી પ્રક્રિયાને સામાજિક નિયંત્રણ કહે છે.

61. કયા સમાજોમાં નિયંત્રણની પદ્ધતિઓ જુદી હોય છે?

- લોકશાહી સમાજો અને આપખુદશાહી સમાજો માં નિયંત્રણની પદ્ધતિઓ જુદી હોય છે.